દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ અંતર્ગત માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ

# કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળો

**તારીખ :** ૧૮/૦૫/૨૦૧૩ અને તા.૧૯/૦૫/૨૦૧૩ **સ્થળ :** પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., ભરૂચ

## (૧) પ્રસ્તાવના :

સને ૨૦૦૫થી દર વર્ષે અખાત્રિજના દિવસથી રાજ્ય સરકારશ્રી તરફથી એક માસની સમયાવધિના રાજ્ય વ્યાપી ભવ્ય કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. નવિનત્તમ કૃષિ ટેકનોલોજીને કૃષિ યુનિવર્સિટીઓની પ્રયોગશાળામાંથી ખેડૂતોના ખેતરો સુધી પહોંચાડવાના ઉદ્દેશથી શરૂ કરવામાં આવેલ કૃષિ વિકાસના આ મહા અભિયાનમાં દર વર્ષે કૃષિ જાગૃતિની સાથે સાથે રાજ્ય સરકારશ્રીના વિવિધ વિકાસલક્ષી કાર્યક્રમો અને લોક કલ્યાણની યોજનાઓના નવા નવા પરિમાણોનો ઉમેરો થતો રહ્યો છે. કૃષિ સમૃધ્ધિ થકી આર્થિક સમૃધ્ધિના મહામંત્રની અવિરત આગેકૂચના ભાગ રૂપે ચાલુ વર્ષ ૨૦૧૩ દરમ્યાન રાજ્ય સરકારશ્રી તરફથી તા.૧૪/૦૫/૨૦૧૩ થી ૩૧/૦૫/૨૦૧૩ (૧૮ દિવસ) સુધી ૯ માં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું.

## (૨) માન. મુખ્યમંત્રીશ્રીની ઉપસ્થિતીમાં યોજાયેલ ઉદ્દઘાટન સમારોહ કાર્યક્રમ :

નવસારી કૃષિ યુનિવર્સિટી અને ભરૂચ જિલ્લા વહિવટી તંત્રના સહયોગમાં કૃષિ મહોત્સવ–૨૦૧૩ અંતર્ગત દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ તા.૧૮/૦૫/૨૦૧૩ને શનિવારના રોજ પવિત્ર નર્મદા નદીના કાંઠે આવેલ ભરૂચ ખાતે માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતીમાં યોજાયેલ હતો, જેની સંક્ષિપ્ત વિગત નીચે મુજબ છે.

- માન.મુખ્યમંત્રીશ્રીનું સવારના ૧૦.૧૫ કલાકે જી.એન.એફ.સી.,ભરૂચ હેલીપેડ ખાતે આગમન.
- હેલીપેડથી સીધા મકતમપુર ભરૂચ સ્થિત પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર ખાતે યોજાયેલ મેગા ઈવેન્ટ પરિસરમાં પધારીને પ્રથમ ગૌ પુજન કરીને પશુ આરોગ્ય મેળાનું ઉદ્દઘાટન કર્યુ હતું અને પશુ ચિકીત્સા કેમ્પની કામગીરી રસપૂર્વક નિહાળી હતી. ત્યારબાદ કૃષિમેળો અને કેરી, ફળ, ફૂલ, શાકભાજી પ્રદર્શનના સ્ટોલ્સની મુલાકાત લઈને ઈનોવેટીવ ફાર્મર્સ, કૃષિ વૈજ્ઞાનિકો અને સ્ટોલધારકો સાથે નવિન કૃષિ ટેકનોલોજી અંગે પૃચ્છા કરી હતી.
- સ્ટોલ્સની મુલાકાત બાદ સમારોહના ઉદ્દઘાટક અને અધ્યક્ષ માન.મુખ્યમંત્રીશ્રી સવારના ૧૦.૩૫ કલાકે દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના સભામંડપમાં પધાર્યા હતા. સ્ટેજ પર ઉપસ્થિત મહાનુભાવો/કલેકટરશ્રીએ માન.મુખ્યમંત્રીશ્રીનું પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યુ હતું. નવસારી કૃષિ યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડો. એ.આર.પાઠક તરફથી પુષ્પગુચ્છ અને થીમ મોમેન્ટો (ખેડૂત કુટંબ સાથે રૂ થી ભરેલું ગાડુ) આપીને માન. મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- માન.મુખ્યમંત્રીશ્રી સભામંડપમાં પધાર્યા તે પહેલાં નીચે દર્શાવેલ મહાનુભાવોએ ઉપસ્થિત વિશાળ જનમેદનીને સંબોધી હતી.
- – શ્રી ભારતસિંહ પરમાર, માન. સાંસદશ્રી

  – શ્રી પ્રદિપસિંહ જાડેજા, માન. રાજયકક્ષાના મંત્રીશ્રી, કાયદો અને ન્યાયતંત્ર અને પ્રભારી મંત્રીશ્રી, ભરૂચ જિલ્લો

- ઉદ્‌ઘાટન સમારોહમાં માન.મુખ્યમંત્રીશ્રીએ ૧૦.૪૦ કલાકે મહાનુભાવોની ઉપસ્થિતીમાં દીપ પ્રાગટય કર્યુ હતું.
- દીપ પ્રાગટય બાદ દક્ષિણ ગુજરાતના ૮ પ્રગતિશીલ ખેડૂતોએ તેઓએ કૃષિક્ષેત્રે કરેલ નોંધપાત્ર કામગીરીના પ્રતિક સાથે માન.મુખ્યમંત્રીશ્રીનું અભિવાદન કર્યુ હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે રાજયકક્ષાનો બેસ્ટ આત્મા ફાર્મર્સ એવોર્ડ વિજેતા શ્રી અલ્કેશકુમાર નટવરલાલ પટેલ (રહે. કાંટાસાયણ, તા. હાંસોટ, જિ. ભરૂચ) અને દક્ષિણ ગુજરાતના અન્ય ત્રણ સરદાર પટેલ કૃષિ સંશોધન પુરસ્કાર વિજેતા ખેડૂતોનું ચેક, શાલ અને સન્માનપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ૫ લાભાર્થીઓને યોજનાકીય સહાયના ચેક/મંજૂરીપત્ર એનાયત કરવામાં આવેલ હતા.
- નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત થયેલ પાંચ બુકો અને ખેડૂતોપયોગી વીસીડીઓનું માન.મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું.
- માન.મુખ્યમંત્રીશ્રીએ વિશાળ ખેડૂત ભાઈઓ અને બહેનોની જનમેદનીને ૪૦ મિનીટ સુધી સંબોધન કર્યુ હતું.
- કાર્યક્રમની આભારવિધિ ડો. એ.આર.પાઠક, માન.કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટીએ કરી હતી.
- માન.મુખ્યમંત્રીશ્રી ના ઉદબોધન સમયે સભા મંડપની અંદર અને બહાર લગભગ ૪૦૦૦૦ જેટલા ખેડૂત ભાઈઓ અને બહેનોની ઉપસ્થિતી હતી.
- માન.મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ભરૂચથી આગળના ગંતવ્ય સ્થાને જવા માટે બપોરના ૧૨.૦૦ કલાકે હેલિકોપ્ટર મારફતે પ્રયાણ કર્યુ હતું.

## (૩) કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળો :

દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમ અંતર્ગત તા. ૧૮/૦૫/૨૦૧૩ અને તા.૧૯/૦૫/૨૦૧૩ એમ બે દિવસ માટે પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., ભરૂચ ખાતે કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળોનું આયોજન કરવામાં આવેલ હતું, જેની સંક્ષિપ્તમાં વિગત નીચે મુજબ છે.

### (૩.૧) કૃષિમેળો :

- કૃષિમેળાની તારીખ અને સમય : તા. ૧૮/૦૫/૨૦૧૩ અને તા.૧૯/૦૫/૨૦૧૩ સવારના ૯.૦૦ થી ૧૮.૦૦ ક.
- સ્થળ : પ્રાદેશિક કપાસ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., ભરૂચ
- કૃષિમેળામાં થીમ પ્રમાણે કુલ ચાર ડોમમાં ૧૦'×૧૦' ની સાઈઝના કુલ કુલ ૧૦૮ સ્ટોલ્સ પ્રદર્શિત કરવામાં આવેલ હતા, જે પૈકી ૪૮ સ્ટોલ્સ નવસારી કૃષિ યુનિવર્સિટી અને ૬૦ સ્ટોલ્સ ખેતીવાડી ખાતા/એન.જી.ઓ. /પ્રાઈવેટ એગ્રો માર્કેટીંગ સંસ્થાઓના હતા.
- ઉપરોકત બે દિવસ દરમ્યાન ૩૩૦૦૦ ખેડૂતોએ કૃષિમેળાના પ્રદર્શન સ્ટોલ્સની મુલાકાત લીધી હતી.
- નવસારી કૃષિ યુનિવર્સિટીના ૪૮ સ્ટોલ્સની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | સ્ટોલ્સનો વિષય/ટેકનોલોજી | ટેકનોલોજી પ્રદર્શિત કરનાર વિભાગનું નામ | સ્ટોલની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ગુજરાતની કૃષિ વિકાસ યાત્રા | પ્રાધ્યાપકશ્રી, વિસ્તરણ શિક્ષણ વિભાગ<br>ન.મ. કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી | 3 |
| ૨ | જમીન વિજ્ઞાન–સોઈલ હેલ્થ કાર્ડ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, જમીન વિજ્ઞાન વિભાગ<br>ન.કૃ.યુ., નવસારી | 2 |
| ૩ | જળ અને જમીન વ્યવસ્થાપન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન)<br>ન.કૃ.યુ.,નવસારી | 3 |
| ૪ | કેળ : કલ્પતરૂ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન) અને<br>આચાર્યશ્રી, અસ્પી બાગાયત કોલેજ, ન.કૃ.યુ., નવસારી | 2 |

| | | | |
|---|---|---|---|
| ૫ | શેરડી : ટકાઉ ખેતીનો અભિગમ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, શેરડી સંશોધન કેન્દ્ર<br>ન.કૃ.યુ., નવસારી | 3 |
| ૬ | કપાસ : નવી જાતો અને<br>વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર<br>ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત | 3 |
| ૭ | કઠોળ પાકોની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (કઠોળ), કઠોળ સંશોધન કેન્દ્ર<br>ન.કૃ.યુ.,નવસારી | 3 |
| | તેલિબીયાં (મગફળી,દિવેલાં,ખરસાણી) | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, નાઈઝર સંશોધન કેન્દ્ર<br>ન.કૃ.યુ., વણારસી, તા.વાંસદા | |
| ૮ | બાગાયત (હાઈટેક હોર્ટિકલ્ચર), ફૂલો,<br>પપૈયા, શાકભાજી, કંદમૂળ, ઔષધિય પાકો | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય<br>ન.કૃ.યુ., નવસારી | 9 |
| | લો–કોસ્ટ ગ્રીન હાઉસ | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય<br>ન.કૃ.યુ., નવસારી | |
| | ફોરેસ્ટ્રી : વન ઉછેર અને પેદાશો | આચાર્યશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય<br>ન.કૃ.યુ., નવસારી | |
| ૯ | જુવારની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય જુવાર સંશોધન કેન્દ્ર<br>ન.કૃ.યુ., અઠવા લાઈન્સ, સુરત | 1 |
| ૧૦ | ડાંગરની નવી ક્ષિતીજો અને મૂલ્યવર્ધન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી, મુખ્ય ચોખા સંશોધન કેન્દ્ર<br>ન.કૃ.યુ., નવસારી (વ્યારા સાથે સંકલન) | 2 |
| ૧૧ | નાગલી– મુલ્ય વૃધ્ધિ અને કુપોષણમાં મહત્વ | સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર<br>ન.કૃ.યુ., વઘઈ, જિ.ડાંગ | 2 |
| ૧૨ | ઓર્ગેનીક ખેતી | પ્રાધ્યાપકશ્રી, અસ્પી બાગાયત–વ–વનીય<br>મહાવિદ્યાલય ન.કૃ.યુ., નવસારી | 3 |
| | કૃષિ પાકોમાં કીટક નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, કૃષિ કીટકશાસ્ત્ર વિભાગ<br>ન.મ. કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી | |
| | વનસ્પતિ રોગ નિયંત્રણ | પ્રાધ્યાપકશ્રી, વનસ્પતિ રોગશાસ્ત્ર વિભાગ<br>ન.મ. કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી | |
| ૧૩ | કૃષિ યાંત્રિકીકરણ, સુધારેલ ખેત ઓજારો અને<br>વધુ આવક માટે પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી | પ્રાધ્યાપકશ્રી, કૃષિ ઈજનેરી વિભાગ<br>ન.મ. કૃષિ મહાવિધાલય, ન.કૃ.યુ., નવસારી | 3 |
| ૧૪ | આદર્શ પશુપાલન | આચાર્યશ્રી, વનબંધુ પશુચિકિત્સા–વ–પશુપાલન<br>મહાવિદ્યાલય, નવસારી | 2 |
| ૧૫ | મત્સ્યપાલન | સંશોધન વૈજ્ઞાનિકશ્રી (જળ અને જમીન),<br>ન.કૃ.યુ.,નવસારી | 2 |
| ૧૬ | સફળ વાર્તા, કેવિકેની અસરો | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,<br>ન.કૃ.યુ., વ્યારા | 1 |
| ૧૭ | સફળ વાર્તા, કેવિકેની અસરો | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,<br>ન.કૃ.યુ., નવસારી | 1 |
| ૧૮ | કૃષિ સાહિત્ય, ઈન્વોકેશન ગીત અને<br>યુનિ. ડોકયુમેન્ટરી ફીલ્મ | સરદાર સ્મૃતિ કેન્દ્ર અને એટીક,<br>ન.કૃ.યુ., નવસારી | 1 |
| ૧૯ | કૃષિ શિક્ષણની સવલતો | કુલસચિવશ્રી<br>ન.કૃ.યુ., નવસારી | 2 |
| | | **યુનિવર્સિટીના કુલ સ્ટોલ્સ** | **48** |

નોંધ : (૧) યુનિવર્સિટીના ૧૧ સ્ટોલ્સમાં જરૂર મુજબ એલ.સી.ડી. ટીવી ની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

(૨) ઈનોવેટીવ ખેડૂતોએ પોતાની કોઠાસુઝથી વિકસાવેલ નવિન કૃષિ ટેકનોલોજી પ્રદર્શિત કરીને મેળાના મુલાકાતીઓને સમજ આપી હતી.

## (૩.૨) કેરી, ફળ, ફૂલ, અને શાકભાજી પ્રદર્શન :

- કૃષિમેળાના સ્થળે બાગાયત ખાતું અને નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી કેરી, ફળ, ફૂલ, અને શાકભાજીના નમૂનાઓનું પ્રદર્શન રાખવામાં આવેલ હતું.
- આ પ્રદર્શનમાં કુલ ૪૫૦ નમુનાઓ પૈકી ૩૧૦ નમુનાઓ બાગાયત ખાતા તરફથી અને ૧૪૦ નમુનાઓ નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી પ્રદર્શિત કરવામાં આવેલ હતા,
- બે દિવસ દરમ્યાન ૩૩૦૦૦ ખેડૂતોએ કેરી, ફળ, ફૂલ, અને શાકભાજી પ્રદર્શનની મુલાકાત લીધી હતી.
- નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી પ્રદર્શિત થયેલ ૧૪૦ નમૂનાઓની સંક્ષિપ્તમાં વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વિભાગ | પ્રકાર | નમૂનાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કેરી | કેસર, આફુસ, રાજાપુરી, તોતાપુરી, વનરાજ, નિલ્ફાન્સો વિ. | **૪૦** |
| ૨ | ફળ | કેળા, પપૈયા, નાળિયેર , ચીકુ કાલીપત્તી, મલ્લિકા, લીંબુ વર્ગ, કાજુ ફળ નટસ સાથે, સફેદ જાંબુ વિ. | **૩૧** |
| ૩ | શાકભાજી | રીંગણ, ટામેટા, કંદમૂળ–સુરણ, ટેપીઓકા, ભીંડા, ટીંડોળા, અન્ય શાકભાજી–સરગવો, હળદર વિ. | **૧૫** |
| ૪ | ફુલ | ● ગ્રીનહાઉસ–ગુલાબ, જર્બેરા, હેલીકોનિયા<br>● ઓપન ફીલ્ડ કટ ફલાવર્સ–ગુલાબ, રજનીગંધા, ગોલ્ડન રોડ, ડેઈઝી<br>● લુઝ ફલાવર્સ–મોગરા, લીલી, ગલગોટા,<br>● ફલાવર એરેન્જમેન્ટ–હાર, બુકે, વેણી વિ. | **૩૨** |
| ૫ | ફળ અને શાકભાજી પરિરક્ષણ | કેરીનો પલ્પ/રસ, ટોમેટો કેચપ, કેરીનું અથાણું, લીંબુનું અથાણું, મુરબ્બો, ફળોનો સ્કવોશ/શરબત, ફળોની સુકવણી, અન્ય પરિરક્ષિત વસ્તુઓ | **૨૨** |
| | | **કુલ** | **૧૪૦** |

## (૩.૩) પશુ આરોગ્ય મેળો :

તા.૧૮.૦૫.૨૦૧૩ના રોજ ભરૂચ મુકામે ગુજરાત રાજયના પશુપાલન વિભાગ અને વનબંધુ વેટરીનરી કોલેજ, નવસારીના સંયુકત ઉપક્રમે યોજાયેલ પશુ આરોગ્ય મેળાનું ઉદઘાટન માન. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. મા. કૃષિમંત્રી શ્રી બાબુભાઈ બોખીરીયા અને પ્રભારીમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતીમાં ગીર ગાયની પૂજનવિધિ કરીને માન. મુખ્યમંત્રીશ્રીએ પશુ આરોગ્ય મેળામાં ગાયો, ભેંસો, ઘોડા, બળદો જેવા વિવિધ જાનવરો સહિત ઘેટા, બકરાં અને મરઘામાં તજજ્ઞો દ્વારા સ્ટીલની પ્લેટ તેમજ સ્ટીલનો ઉચિત સાઈઝનો સળીયો મૂકી અસ્થિભંગ, દંત ચિકિત્સા, એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી દ્વારા આધુનિક પધ્ધતિથી રોગ નિદાન તેમજ મોટાં જાનવરોમાં આંખ તેમજ તણછ ઉપરાંત સારણગાંઠની શસ્ત્રક્રિયા નિહાળવામાં આવી હતી. આ ઉપરાંત પશુપાલન વિભાગ તેમજ વનબંધુ વેટરનરી કોલેજ દ્વારા મુકવામા આવેલ પ્રદર્શન અને જાનવરોમાં અલ્ટ્રાસોનોગ્રાફીની મદદથી ગર્ભ નિરીક્ષણ પણ નિહાળવામાં આવેલ હતું. માન.મુખ્યમંત્રીશ્રીએ કાફરેલી નિહાળીને પશુપાલકો સાથે પશુ આરોગ્ય મેળા વિષે ચર્ચા કરી પશુ આરોગ્ય મેળાની કામગીરીથી પ્રભાવિત થયા હતા. પશુ આરોગ્ય મેળામાં કુલ નીચે જણાવેલ વિગતે ૧૯૫૮ કેસોમાં સારવાર કરવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| ૧ | મેડીકલ સારવાર | ૨૯૮ |
| ૨ | સર્જરી (શસ્ત્રક્રિયા) | ૩૩ |
| ૩ | ખસીકરણ | ૨૦ |
| ૪ | વંધ્યત્વ નિવારણ અને ગાયનેકોલોજી | ૧૧૨ |
| ૫ | કૃત્રિમ વીર્યદાન | ૧૩ |
| ૬ | કૃમિનાશક દવા | ૭૯૨ |
| ૭ | ગળસૂંઢાના રોગ સામે રસીકરણ | ૬૯૦ |
| | **કુલ** | **૧૯૫૮** |

## માન.મુખ્યમંત્રીશ્રીની કૃષિમેળો અને પશુ આરોગ્ય મેળાની મુલાકાત દરમ્યાનના ફોટોગ્રાફસ































**માન.મુખ્યમંત્રીશ્રીની પ્રેરક ઉપસ્થિતી યોજાયેલ દક્ષિણ ગુજરાત ઝોન મેગા કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહના ફોટોગ્રાફસ**

















મહોત્સવ
૨૦૧૩

મહોત્સવ
૨૦૧૩



મહોત્સવ

મહોત્સવ

મહોત્સવ

મહોત્સવ

કૃષિ મહોત્સવ
૨૦૧૩
પશુ આરોગ્ય મેળો

કૃષિ

–:–:–:–:–:–:–:–:–:–:–:–